# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-04-2025** **Morning: 7.45 TO 7.55**
**Day :SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું કે, માત્ર વેપાર સમજૂતિની સમર્યમર્યાદાને પહોંચી વળવા રાષ્ટ્રીય હિતો સાથે સમાધાન ન કરી શકાય

2) સરકારે ઉભરતા વેપાર પડકારોનો સામનો કરવા માટે સમર્પિત ગ્લોબલ ટેરિફ અને વેપાર હેલ્પડેસ્ક શરૂ કર્યું

3) દેશભરમાં આજે હનુમાન જન્મોત્સવની શ્રધ્ધાપૂર્વક ઉજવણી થઈ રહી છે

4) IPL ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સ લખનઉ સુપર જાયન્ટ્સ સામે અને પંજાબ કિંગ્સ સનરાઇઝર્સ હૈદરાબાદ સામે ટકરાશે

5) આર્જેન્ટિનાના બ્યુનોસ આયર્સમાં શૂટિંગ વિશ્વકપમાં ભારત બીજા ક્રમે

*****************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PIYUSH GOYAL

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ભારપૂર્વક જણાવ્યું છે કે માત્ર વેપાર સમજૂતીની સમયમર્યાદાને પહોંચી વળવા માટે રાષ્ટ્રીય હિત સાથે સમાધાન ન કરી શકાય. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વેપાર સમજૂતીઓ બંને પક્ષો માટે લાભદાયી હોવી જોઈએ.

શ્રી ગોયલ ગઈ કાલે નવી દિલ્હીમાં ૭મા વૈશ્વિક ટેકનોલોજી શિખર સંમેલનમાં બોલી રહ્યા હતા. તેમણે વૈશ્વિક વેપારને નવો આકાર આપવા માટે અમેરિકા સહિતનાં વિશ્વસનીય ભાગીદારો સાથે ભારત માટેની ભાવિ તકો પર પ્રકાશ પાડ્યો.

મુક્ત વેપાર સમજૂતીઓ પર બોલતા શ્રી ગોયલે જણાવ્યું કે, સમયમર્યાદા મહત્વની હોવા છતાં, વેપાર સમજૂતીની સમયમર્યાદાને પહોંચી વળવા માટે રાષ્ટ્રીય હિત સાથે સમાધાન ન કરી શકાય.

ભારત હાલ યુરોપિયન યુનિયન, બ્રિટન અને અમેરિકા સહિત ઘણા દેશો અને રાષ્ટ્રોના જૂથો સાથે વેપાર કરારો પર કામ કરી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DGFT-HELP DESK

કેન્દ્ર સરકારે ઉભરતા વેપાર પડકારોનો સામનો કરવા માટે એક સમર્પિત ગ્લોબલ ટેરિફ અને વેપાર હેલ્પડેસ્ક શરૂ કર્યું છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે હેલ્પડેસ્ક આયાત અને નિકાસ પડકારો, આયાતમાં વધારો અથવા ડમ્પિંગ, લોજિસ્ટિક્સ અથવા સપ્લાય ચેઇન પડકારો, નાણાકીય અથવા બેંકિંગ મુદ્દાઓ અને નિયમનકારી મુદ્દાઓ અંગે વિચાર વિમર્શ કરશે.

વાણિજ્ય વિભાગ અને વિદેશ વેપાર મહાનિર્દેશાલયના ગ્લોબલ ટેરિફ અને ટ્રેડ હેલ્પડેસ્ક વૈશ્વિક વેપારમાં વિકાસ, ખાસ કરીને ડ્યુટી ફેરફારો, આયાતમાં વધારો અને નિકાસ સંબંધિત પડકારો પર સક્રિયપણે નજર રાખી રહ્યા છે,

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PREZ-PORTUGAL-SOLVAK VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોર્ટુગલ અને સ્લોવાકિયાની સત્તાવાર મુલાકાત બાદ ગઈકાલે રાત્રે નવી દિલ્હી પરત ફર્યા છે. આ મુલાકાત દરમિયાન તેમણે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા માટે ઉચ્ચ-સ્તરીય બેઠકો યોજી હતી.

શ્રીમતી મુર્મુની મુલાકાત અંગે અમારા પ્રતિનિધિનો એક અહેવાલ

(બાઇટ – જયા ભારતી)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM MODI-AIADMK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ AIADMK ના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન - NDA માં જોડાવાના નિર્ણય અંગે આનંદ વ્યક્ત કર્યો છે. શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે NDAના અન્ય સાથી પક્ષો સાથે મળીને તેઓ તમિલનાડુને પ્રગતિની નવી ઊંચાઈઓ પર લઈ જશે અને સંપૂર્ણ સમર્પણ સાથે રાજ્યની સેવા કરશે. તેમણે કહ્યું કે NDA ગઠબંધન એવી સરકાર સુનિશ્ચિત કરશે જે મહાન MGR અને તમિલનાડુના ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ જયલલિતાના સ્વપ્નને સાકાર કરી શકે. પ્રધાનમંત્રીએ કહ્યું કે તમિલનાડુની પ્રગતિ અને તમિલ સંસ્કૃતિને જાળવવા માટ એનડીએ ગઠબંધન અથાગ મહેનત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# HANUMAN JAYANTI

દેશભરમાં આજે હનુમાન જન્મોત્સવની ભારે શ્રદ્ધાપૂર્વક ઉત્સાહથી ઉજવણી કરવામાં આવી રહી છે. રાષ્ટ્રીય રાજધાનીમાં, વહેલી સવારથી જ ભક્તો પ્રાર્થના કરવા માટે હનુમાન મંદિરોમાં ઉમટી રહ્યા છે. નવી દિલ્હીના કનોટ પ્લેસ ખાતે આવેલા 'પ્રાચીન હનુમાન મંદિર'માં લોકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. આ પ્રસંગે મંદિરોમાં 'હનુમાન ચાલીસા', 'સુંદર કાંડ' અને 'અખંડ રામાયણ'નું પાઠ કરવામાં આવી રહ્યું છે.

ઉત્તરપ્રદેશમાં અયોધ્યાના હનુમાન ગઢી મંદિરમાં પણ લોકોની લાંબી કતારો જોવા મળી શકે છે. અનેક સ્થળોએ ભંડારા ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WAVES-MUSIC COMPETITION

માહિતી અને પ્રસારણ મંત્રાલયે થીમ સંગીત સ્પર્ધાના વિજેતાઓની જાહેરાત કરી છે. આ વેવ્ઝ સમિટ 2025 હેઠળ આયોજિત 32 પડકારોમાંથી એક છે. પ્રથમ વિશ્વ ઓડિયો-વિઝ્યુઅલ એન્ટરટેઈનમેન્ટ સમિટ - WAVES 2025 આ વર્ષે પહેલી થી ચોથી મે દરમિયાન મુંબઈમાં યોજાશે.

દેશભરમાંથી મળેલી સેંકડો એન્ટ્રીઓમાંથી છ વિજેતાઓની પસંદગી કરવામાં આવી હતી. વિજેતાઓની પસંદગી પ્રખ્યાત નિર્ણાયકો દ્વારા સ્પર્ધકોની મૌલિકતા અને સંગીત અને નૃત્ય સાથેના સમન્વયનું મૂલ્યાંકન કર્યા પછી કરવામાં આવી હતી. મંત્રાલયે જણાવ્યું હતું કે આ સ્પર્ધાનો ઉદ્દેશ્ય ભારતની વિવિધ સંગીત પ્રતિભાઓને પ્રદર્શિત કરવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

**(ગોન્ગ મ્યુઝિક)**

.................................................................

# TELANGANA-MAOISTS

તેલંગાણામાં ગઈકાલે મુલુગુ જિલ્લામાં પ્રતિબંધિત સીપીઆઈ (માઓવાદી) ના ઓછામાં ઓછા 22 સભ્યોએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું. આત્મસમર્પણ કરનારાઓમાં ત્રણ એરિયા કમિટી સભ્યો, એક પાર્ટી સભ્ય અને સંગઠનની 'રિવોલ્યુશનરી પીપલ્સ કમિટી' ના 18 સભ્યોનો સમાવેશ થાય છે. તેમાં ત્રણ સભ્યો એવા છે જે અનેક હિંસક ઘટનાઓમાં સામેલ હતા જેમાં અનેક સુરક્ષા કર્મચારીઓના જીવ ગયા હતા.

જિલ્લા પોલીસ અધિક્ષક શબરિશ પીએ સીપીઆઈ (માઓવાદી) ના સભ્યોને આત્મસમર્પણ કરવા અને તેમના પરિવારો સાથે શાંતિપૂર્ણ જીવન જીવવા અપીલ કરી. તેમણે એમ પણ કહ્યું કે જિલ્લા પોલીસ હથિયારો છોડી દેનારાઓના પુનર્વસન માટે પ્રયાસો કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# JAISHANKAR-RUBIO

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભારત અને અમેરિકા વચ્ચે આતંકવાદ વિરોધી સહયોગની પ્રશંસા કરી છે. મુંબઈ આતંકવાદી હુમલાના મુખ્ય સૂત્રધાર તહવ્વુર હુસૈન રાણાના પ્રત્યાર્પણ અંગે અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોની સોશિયલ મીડિયા પોસ્ટનો જવાબ આપતા, તેમણે કહ્યું કે આ હુમલાના પીડિતોને ન્યાય સુનિશ્ચિત કરવા તરફ આ એક મોટું પગલું છે.

શ્રી રુબિયોએ પોતાની પોસ્ટમાં કહ્યું હતું કે અમેરિકાએ 2008ના મુંબઈ આતંકવાદી હુમલાના આયોજનના આરોપોનો સામનો કરવા માટે તહવ્વુર રાણાને ભારત પ્રત્યાર્પણ કર્યો છે. તેમણે કહ્યું હતું કે ભારતની સાથે, અમેરિકા પણ આ હુમલાઓમાં માર્યા ગયેલા છ અમેરિકન નાગરિકો સહિત 166 લોકોના ન્યાયની માંગ કરી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IPL CRICKET

IPL ક્રિકેટમાં આજે બપોરે સાડા ત્રણ વાગે લખનઉમાં ગુજરાત ટાઈટન્સનો મુકાબલો લખનઉ સુપર જાયન્ટ્સ સામે થશે, જ્યારે સાંજે સાડા સાત વાગે હૈદરાબાદમાં પંજાબ કિંગ્સ સનરાઇઝર્સ હૈદરાબાદ સામે ટકરાશે

દરમ્યાન ગઇકાલે ચેન્નાઈમાં કોલકાતા નાઈટ રાઈડર્સે ચેન્નાઈ સુપર કિંગ્સને આઠ વિકેટથી પરાજય આપ્યો હતો. પ્રથમ બેટિંગ કરતા, ચેન્નાઈ સુપર કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં 9 વિકેટે 103 રન બનાવ્યા. કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી સુનીલ નારાયણે ત્રણ વિકેટ લીધી, જ્યારે વરુણ ચક્રવર્તી અને હર્ષિત રાણાએ બે-બે વિકેટ લીધી.

લક્ષ્યાંકનો પીછો કરતાં કોલકાતા નાઈટ રાઈડર્સે 11મી ઓવરમાં જ વિજયી લક્ષ્ય હાંસલ કરી લીધું. ઓપનર સુનીલ નારાયણે 18 બોલમાં 44 રન બનાવ્યા. ચેન્નાઈ સુપર કિંગ્સના અંશુલ કંબોજ અને નૂર અહેમદે એક-એક વિકેટ લીધી. સુનીલ નારાયણને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ISSF WORLD CUP 2025

આર્જેન્ટિનાના બ્યુનોસ આયર્સ ખાતે યોજાયેલા ISSF શૂટિંગ વિશ્વ કપ 2025ના પ્રથમ  તબક્કામાં ભારત બીજા સ્થાને રહ્યું. ભારતે કુલ 8 ચંદ્રકો જીત્યા જેમાં 4 સુવર્ણ, 2 રજત અને 2 કાંસ્ય ચંદ્રકોનો સમાવેશ થાય છે. સ્પર્ધાના અંતિમ દિવસે, સૌરભ ચૌધરી અને સુરુચી સિંહની જોડીએ ભારતના જ મનુ ભાકર અને રવિન્દર સિંહને 16-8 થી પરાજય આપી કાંસ્યચંદ્રક જીત્યો.

ભારત માટે અન્ય વિજેતાઓમાં સિફ્ટ કૌર સમરા, રુદ્રાક્ષ પાટીલ, સુરુચિ સિંઘ, વિજયવીર સિદ્ધુ, એશા સિંઘ, ચૈન સિંઘ અને આર્ય બોરસે અને રુદ્રાક્ષ પાટીલની જોડીનો સમાવેશ થાય છે. વિશ્વ કપ 2025નો બીજો તબક્કો આવતીકાલે પેરુના લીમામાં શરૂ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

આજનાં મોટાભાગનાં અખબારોએ ચીને અમેરીકા પર ઝીંકેલા ટેરિફ અંગેનાં સમાચારોને હેડલાઈન બનાવી છે.

ગુજરાત સમાચારે ઝુંકેગા નહીં, અમેરીકાનાં 145 ટકા સામે ચીનનો 125નો પંચ – શીર્ષક સાથે હેડલાઈન બનાવી છે.

તો નવગુજરાત સમયની હેડલાઈન છે, ચીનનો પલટવાર – યુએસનાં 145 ટકા સામે 125 ટકા ટેરિફ ઝીંકી.

સંદેશે ચીને અમેરિકા પર વધુ 125 ટકા ટેરિફ લાદ્યો - આ સમાચારને પ્રથમ પાને મુખ્ય શીર્ષક બનાવ્યું છે.

રાજસ્થાન પત્રીકાએ ટેરિફ પર WTOનાં 46 દેશોએ ચિંતા જાહેર કરતાં ઉપાયની માંગ કરી એ સમાચારને બોક્સમાં સ્થાન આપ્યું છે.

અમદાવાદ મીરર હેડલાઈનમાં લખે છે કે, રાજ્યમાં નવાં જંત્રીનાં દરોનો અમલ એપ્રિલ મહિનાનાં અંત સુધી થવાની શક્યતાં.

તમિલનાડુમાં AIADMK અને ભારતીય જનતા પાર્ટી વચ્ચેનાં સમાચાર મોટાભાગનાં દૈનિકોમાં પ્રથમ પાને જોવા મળે છે.

દિલ્હીની ખાસ કોર્ટે તહવ્વુર રાણાને 18 દિવસનાં NIA રિમાન્ડ પર મોકલ્યો. આ સમાચાર પણ પ્રથમ પાને છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .